"મહાલીબહેન! તમને બાઈ બોલાવે છે."

"અત્યારે ?"

મહાલીબહેને ચશ્માંની દાંડી જરાક વધારે નીચી કરીને રામુ સામે સ્થિર નજરે જોયું. એ નજરમાં ઠપકાનો, અણગમાનો અને છંછેડાયેલા આશ્ચર્યનો ભાવ હતો, પણ એ બધા ભાવ રામુ ઉપર એળે ગયા. તે તો ખેપિયાને શોભે એવા જ નિર્લેપ ભાવે ઊભો હતો. મહાલીબહેન "હે રામ!" કહીને ઊઠવાને બદલે કોઈ લાંબોલચક સંદેશો કહેવડાવે અને બેઠાં હતાં તેમ જ બેસી રહીને ફાટેલો કબજો સીવ્યા કરે તોયે રામુને કશો જ વાંધો નહોતો. તે આવી જ શાંત મુખમુદ્રા સાથે બાઈ સામે જઈને ઊભો રહેવાનો અને કહેવાનો :

"બાઈ! મહાલીબહેન અત્યારે આવવાની ના પાડે છે."

કોઈક વાર આ બાબતસર શોભાબહેન સાથે ઝઘડો થઈ જવાનો. અત્યારે રાતનાં ચા-દૂધ પરવારી - કરીને મહાલીબહેન પોતાની ઓરડીમાં કપડાં સાંધતાં બેઠાં હોય કે પછી બીજું કંઈ પણ કરતાં હોય ત્યારે તેમને બોલાવવાનો કોઈને હક નહોતો. શોભાબહેનને તો નહીં જ નહીં, પણ હર્ષદરાયને સુધ્ધાં નહીં. નોકરી તો નોકરીની રીતે થાય. કોઈક દિવસ શોભાબહેન સાથે ઝઘડો થઈ જવાનો, જરૂર થવાનો પણ આજે નહીં.

આજે તો મહાલીબહેન ઊઠ્યાં. રામુ સામે તેમણે બીજી એટલી જ વેધક અને એટલી જ નિષ્ફળ નજર નાખી અને પછી "હે રામ!" કહીને કબજો ને સોયદોરો ઊંચાં મૂક્યાં. ચશ્માં કાઢીને દાબડીમાં મૂક્યાં અને દાબડી પથારીના ઓશીકા નીચે ડાબી બાજુ મૂકી. ઓશીકા નીચેની જમણી બાજુએ તેમની માળા હતી. દાબડી કોઈ દિવસ જમણી બાજુ ન મુકાતી અને માળા ડાબી બાજુ ન મુકાતી. મહાલીબહેનની એ ખાસિયત હતી. તેમના રસોડામાં પણ સાણસી, તવેથો, આડણી, વેલણ બધાંની મુકરર જગ્યા હતી અને એ જગ્યામાં કદી ફેરફાર ન થતો. કોઈ નવા નોકરે ભૂલેચૂકે એકની જગ્યાએ બીજું મૂકી દીધું હોય તો પછી જુઓ મઝા! હર્ષદવિલાના નોકરો જેટલા મહાલીબહેનથી બીતાં એટલા શેઠશેઠાણીથી નહોતા બીતાં એ કંઈ અમસ્તા કે?

મહાલીબહેને તેમના સારા દિવસોમાં વધારે નહીં તો બે નોકરો તો રાખ્યા જ હતા અને વધારે શબ્દોનો વ્યય કર્યા સિવાય કડપથી કામ કેમ લેવું એ તેમને સારી પેઠે આવડતું

હતું. આમેય તે હર્ષદરાયની જ ન્યાતનાં અને તેમનું કુળ કંઈક વધારે ઊંચું એટલે નોકરી કરવા છતાં તે પોતાની જાતને નોકર માનતાં નહીં. કામકાજનો સમય પતી ગયા પછી તો ખાસ નહીં. રસોઈની તેમની અસાધારણ આવડતને કારણે તેમની એવી માન્યતામાં કોઈ વિક્ષેપ નાખતું પણ નહીં. આવી પ્રામાણિક ચોખ્ખી ને કરકસરથી કામ લેવાવાળી બીજી કોઈ બાઈ મળે જ ક્યાંથી?

શોભાબહેનને આ બધી ખબર હતી અને એથી જ સંદેશો મોકલ્યા પછી તે મૂંઝાયાં હતાં કે રખે ને મહાલીબહેનને ખોટું લાગે! થોડી વાર રાહ જોયા પછી તેમનાથી ન રહેવાયું એટલે તે ઊઠીને મહાલીબહેનની ઓરડી ભણી ચાલવા માંડ્યાં અને આમ બંને જણનો ભેટો રસોડા આગળ થઈ ગયો.

"અં... મહાલીબહેન!"

"કેમ?"

"કંઈ નહીં... એ તો જરા... એમ છે ને, મારે જરા વાત કરવી હતી એટલે કીધું..."

"રામુ મને બોલાવવા આવ્યો હતો."

"હા, તેને મેં જ મોકલ્યો હતો, પણ પછી થયું કે તમે કદાચ કંઈ કામમાં હો એટલે પછી હું જ આવતી હતી તમારી પાસે, ત્યાં તો તમે જ મળી ગયાં. લો, કેવું થયું?" શોભાબહેનનો ગભરાટ તેમના શબ્દોમાં નહીં એટલો તેમના હાવભાવમાં છતો થતો હતો, એની કંઈક સંતોષપૂર્વક નોંધ લઈને મહાલીબહેને પોતે મહાલક્ષ્મીબા હતાં તે જમાનાની છટાથી કહ્યું, "અત્યારે સાડાદસ વાગ્યા છે."

"હં... એમ કે? તમે ઊંઘી તો નહોતાં ગયાં ને?"

"શું કામ છે?" સહેજ નરમ પડીને મહાલીબહેન બોલ્યાં.

"ચાલો ને મારા રૂમમાં, ત્યાં બેસીને નિરાંતે વાત કરીએ!" રાહતનો દમ ખેંચી શોભાબહેને કહ્યું.

ખરું જોતાં તેમને આ વાત કઈ રીતે કરવી એ જ સમજ પડતી નહોતી. મહાલીબહેનને કોને ખબર, કેવું લાગે? કદાચ તે નોકરી છોડીને જતાં પણ રહે, તો તો ભોગ જ મળે ને! હર્ષદરાયનો જીવ ભગવાને કોને ખબર કઈ જાતનો ઘડ્યો હતો તે અવારનવાર કંઈનું કંઈ કરી લાવતા. શાંતિથી રહેતા તો જાણે આવડ્યું જ નહોતું, પણ આ આજના જેવું તો આટલાં વરસોમાં કદી તેમણે સુધ્ધાં કર્યું નહોતું.

બાગમાં તો કેટલાયે માણસો ફરવા જતા હતા. તેમણે એકલાએ આવી ઉપાધિ વહોરવાની શી જરૂર? હવે આ વાત મહાલીબહેનને કહેવીએ કઈ રીતે?

ઓરડામાં પહોંચ્યાથી એક જાતનો આરામ લાગ્યો હોય એમ તેમણે સોફામાં પડતું નાખીને મહાલીબહેનને કહ્યું, "બેસો ને!"

પણ મહાલીબહેન બેઠાં નહીં. તેમના મત પ્રમાણે એ બરાબર ન કહેવાય. તે સામે ઊભાં જ રહ્યાં અને રામુ પર નાખી હતી એવી જ નજર શોભાબહેન સામે નાખીને બોલ્યાં, "કહો, શું કહેતાં હતાં?"

"તમે બેસો તો હું વાત કરું ને! અહીં તમને ન ફાવે તો આપણે તમારી ઓરડીમાં જઈએ. એવું છે ને કે વાત જરીક લાંબી છે!"

શોભાબહેનના અતિશય ગોરા, ફિક્કા ચહેરા સામે દયાપૂર્વક જોઈને મહાલીબહેને કહ્યું, "કશો વાંધો નહીં. તમે તમારે કરો ને વાત."

"એવું છે ને કે તે રોજ સવારે ફરવા જાય છે એ તો તમને ખબર છે ને? તે બધા ચાર–પાંચ ભાઈબંધો રોજ એ બાગમાં ફરવા જાય છે."

મહાલીબહેનને હવે વહેમ પડ્યો કે આ ભલી પણ નિર્બળ મનની શેઠાણીનું મગજ ક્યાંક ખરેખર ચસકી તો નહીં ગયું, હોય! મોટી ઉદારતા દાખવીને તે સોફા પર તો નહીં, પણ સામેની ખુરશીમાં બેઠાં અને નાના બાળકને પ્રોત્સાહન આપતાં હોય એમ બોલ્યાં, "લો, હું આ બેઠી. હવે તમે તમારે નિરાંતે માંડીને બધી વાત કરો. રાતે સાડાદસ વાગ્યે મને બોલાવી તે એટલું કહેવા કે શેઠ રોજ સવારે ફરવા જાય છે? એ તો હું જાણું જ છું ને. બોલો, શું કહેવા માગો છો?"

"સાચું કહું છું મહાલીબહેન, એ બાગની જ વાત છે. તમને ખબર છે ને પેલી ક્લબે મોટું ડૉનેશન આપ્યું ત્યાર પછી ત્યાં બધું બાંધકામ થવા માંડ્યું છે એ!"

મહાલીબહેને નિસાસો નાખ્યો. આ બાઈને ખરેખર કંઈક થઈ ગયું હતું. આવી આવી નકામી વાતો કરવા માટે તે તેમને રાત પડે બોલાવતી હતી એનો અર્થ શો? પણ હવે તો બીજો ઇલાજ નહોતો. પ્રશ્નો પૂછવાથી ઊલટાની તે વધારે ગભરાઈ જવાની. મનમાં ને મનમાં "શ્રી કૃષ્ણઃ શરણં મમ" બોલતાં બોલતાં તેમણે આંગળીના વેઢા ગણવા માંડ્યા.

શોભાબહેને ગોટા વાળતાં વાળતાં આગળ ચલાવ્યું, "એટલે એવું છે ને મહાલીબહેન! આમ તો બાગમાં ક્યાં કશો શક્કરવાર છે? જ્યાં ત્યાંથી બે-ચાર ભાંગેલાતૂટેલા બાંકડા ભેગા કરીને મૂક્યા એટલે કંઈ બાગ કહેવાતો હશે? અતુલ તો કહેતો હતો કે ત્યાં ક્રિકેટ રમવા જેવું ગ્રાઉન્ડ પણ નથી. તોય એ તો વર્ષોથી ત્યાં જ ફરવા જાય છે ને, એટલે..."

"તેનું શું છે?"

"એ જ કહું છું ને! એટલે આજે પણ તે ત્યાં જ ગયેલા ને તેમના બધા ભાઈબંધો સાથે ગપ્પાં મારવા બેઠા હશે તે આ છોકરીને તેમણે જોયેલી  એટલે કે આમ તો રોજ

જોતા હશે, પણ આજે સવારે બરાબર જોયેલી એટલે અત્યારે તરત ઓળખી કાઢી એટલે છે ને તે સાથે લઈ આવ્યા છે!"

"શું કહ્યું?"

"મેં તમને ના કહ્યું? પેલી ક્લબે ડૉનેશન આપ્યું એમાંથી બધાં છોકરાંને રમવાનાં સાધનો બંધાય છે ને એ..."

"શોભાબહેન! તમે શાની વાત કરો છો?"

"તમે મને વાત કરવા દો તો કહું ને! તે આ બાગમાં એ બધું બાંધવાનું હતું ને, લસરપટ્ટી ને આગગાડી ને હીંચકા ને ચગડોળ ને બધું... તે બધા મજૂરો રાખ્યા હશે ને... તે બધા બાગ પાસે જ ઝૂંપડાં બાંધીને રહેતા હશે."

"તે?"

"તે ત્યાં આજે સાંજના આગ લાગી હતી. એટલે બાગમાં નહીં, પેલી ઝૂંપડપટ્ટીમાં. પોલીસ ને બંબાવાળા તો જાણે જાય જ, પણ અહીંના બધા સોશ્યલ વર્કરો પણ ગયેલા એટલે તમારા શેઠ, એટલે કે તે પણ ગયા હતા. એ પછી આ છોકરી ખોવાઈ ગઈ હશે કે રડતી હશે તે – તેને ઘેર લઈ આવ્યા છે!"

"કોને?"

"જુઓ ને, પેલી બેઠી."

ઓરડાને એક ખૂણે ઘૂંટણમાં માથું ઘાલીને બેઠેલી છોકરી તરફ મહાલીબહેનનું છેક હમણાં જ ધ્યાન ગયું.

એ તે છોકરી હતી કે મેલાંઘેલાં કપડાંનું પોટલું? શરમની કે બીકની મારી તે સજ્જડ લાકડું થઈને એવી બેસી રહી હતી કે પંખાને લીધે જરા જરા હાલતા વાળ સિવાય તેનામાં જીવનનું એકે લક્ષણ દેખાતું નહોતું.

"તે?"

"તે..." શોભાબહેન કંઈ બોલી ન શક્યાં. તેમની મૂંઝવણભરી અને મહાલીબહેનની તીવ્ર નજર જેના ઉપર કેન્દ્રિત થઈ હતી તે છોકરીએ સહસા ઊંચું જોયું.

અત્યંત શ્યામ વર્ણના ગોળાકાર ચહેરામાં બે કોડી જેવી સફેદ આંખો એકદમ જુદી તરી આવતી હતી. જંગલનું કોઈ પ્રાણી ઓચિંતું શહેરી માણસોની સામે આવી પડે ત્યારે જે રીતે જુએ એ રીતે તે છોકરી આ બંને મહિલાઓ સામે જોઈ રહી હતી.

નીરવ ભયની એ પ્રતિમા સામે લાંબો વખત જોયા કરવાનું શક્ય જ નહોતું. કંઈક બેચેન થઈને મહાલીબહેને નજર ખસેડી લીધી અને વળી પાછું પ્રશ્નનું પુનરાવર્તન કર્યું.

"તે?"

"આનું હવે શું કરવું મારે? એ તો "આને રાખજે તારી પાસે" કહીને ક્લબમાં ચાલ્યા ગયા. તેને છોકરાંના રૂમમાં પણ કેવી રીતે રાખું અને નોકરોના રૂમમાં પણ કેવી રીતે રાખું? એટલે હમણાં તો અહીં બેઠી છે, પણ પછી કીધું કે..."

"શું?"

"કંઈ નહીં. કીધું કે મહાલીબહેનને વાત કરું કે જુઓ આ કેવું કરી આવ્યા છે! હવે અડધી રાતે મારે કરવું પણ શું આનું? નથી કંઈ બોલતી ને નથી ચાલતી. આવી છે ત્યારની શિંગડું થઈને આમની આમ પડી છે."

શોભાબહેનની કાકલૂદીભરી નજર તેમના શબ્દો જે વાત નહોતા કહી શકતા એ કહેતી હતી. તેમની ઇચ્છા હતી કે મહાલીબહેન તેમના સમર્થ અને શક્તિશાળી હાથમાં આ બોજો ઊંચકી લે અને આ અણધારી આફતમાંથી તેમને મુક્તિ અપાવે.

"તમે તેનું નામઠામ પૂછી જોયું?"

"બોલે છે જ ક્યાં?"

મહાલીબહેન ઊઠીને છોકરી પાસે ગયાં. જેવાં તે પાસે આવ્યાં કે તરત છોકરીએ ફટકા સામે સ્વરક્ષણમાં ન હોય એમ બેય હાથ ઊંચા કર્યા. છોકરી માર ખાવા ટેવાયેલી લાગતી હતી. મહાલીબહેનને ખોટું લાગ્યું. સાથે સાથે હૃદયમાં ગુપ્ત રીતે સૂતેલી માતૃત્વની સરવાણીએ તળ બદલ્યું. ઊંચા થયેલા બે હાથમાંથી એક ઝાલીને તેમણે છોકરીને કહ્યું, "ઊઠ!"

છોકરી સમજી નહીં હોય કે પછી મહાપરાણે મળેલું આટલું આશ્રયસ્થાન પણ ઝૂંટવાઈ જશે એનો ડર હોય, એ મંકોડાની જેમ જમીનને વળગી રહી. વળી પાછા તેના ચહેરા પરના એ ત્રસ્ત અને આશંકિત ભાવ, મહાલીબહેન ચિડાઈ ગયાં. છોકરી પર, શોભાબહેન પર, તેમનો સંદેશો લઈ આવનાર રામુ પર અને આ બધી ઉપાધિ ઊભી કરનાર હર્ષદરાય પર. તરત શોભાબહેન તરફ ફરીને બોલ્યાં, "તો પછી આમાં મારે શું કરવાનું છે?"

"કંઈ નહીં. આ તો કીધું કે તમને વાત કરું."

વાત થઈ ગઈ, હવે શું કરવાનું છે એમ તો તેમને પુછાય નહીં. ગમે તેમ પણ શેઠાણી તો હતાં જ. મહાલીબહેન વગર બોલ્યે ખુલાસાની રાહ જોઈને ઊભાં રહ્યાં.

"હું બોલાવું છું તો બોલતી નથી એટલે કીધું કે તમે બોલાવી જુઓ. અને કંઈ ખાય-પીએ તો... એટલે કે કંઈ હોય તો..."

"છે તો બધું. ને ન હોય તોય ચૂલાને ક્યાં આળસ આવે છે? જે કહો એ રસોઈ કરી દઉં."

"પણ આ ખાશે ખરી? એમ કરો ને મહાલીબહેન, આજની રાત આને તમારી ઓરડીમાં ન સૂવા દો?"

આડું જોઈને શોભાબહેને આખરે કહી નાખ્યું.

હં, તો આ વાત હતી. આટલા માટે તેમને બોલાવ્યાં હતાં, એમ ને? ઘણો ગુસ્સો ચડે ત્યારે મહાલીબહેન હંમેશાં તેમના અંબોડાની ગાંઠ છોડીને ફરી વાળતાં. અત્યારે પણ તેમના હાથ અનાયાસે એ તરફ ગયા. પેલી છોકરીનો ઝાલેલો હાથ છૂટ્યો એટલે વળી પાછી તે પોતાના ઘૂંટણમાં ડૂબકી મારી ગઈ.

તેની આંખો સામે કાળો અંધકાર હતો ને કાનમાં સંભળાતી હતી કારમી ચીસો. મોટી ઉંમરનાં, હંમેશાં તેને ધમકાવતાં ને ડારો દેતાં સ્ત્રી-પુરુષો બીકથી તરડાઈ ગયેલા ચહેરા સાથે દોડાદોડ કરતાં હતાં. કદી સાંભળ્યા ન હોય એવા વિચિત્ર ને ભયંકર અવાજ તેમના કંઠમાંથી નીકળતા હતા અને સિનેમાનાં જૂનાં પોસ્ટર, કોહવાયેલી તાડપત્રી અને અડધાં સડી ગયેલાં ટિનનાં પતરાંના જે ત્રિકોણાકારને એ પોતાનું ઘર કહેતી હતી એની આસપાસ કાળા ઘેરા ધુમાડાના ગોટા વીંટળાઈ વળ્યા હતા. તેને ખબર નહોતી કે તેને વધારે બીક શેની લાગી હતી, એ લાલ રંગની ઝાળની કે પેલા ધસી આવતા ધુમાડાના ગોટાની. પેલાં રડતાં ને ચીસો પાડતાં સ્ત્રી-પુરુષોની કે પાણીની સૂંઢ હાથમાં લઈને ફરતા પેલા ભૂરાં કપડાંવાળા માણસોની.

ત્યાં પોલીસો પણ હતા અને પોલીસોની તો તેને ખૂબ જ બીક લાગતી હતી. તે ઓળખતી હતી એવાં નાનાંમોટાં બધાં જ પોલીસના નામથી ખૂબ બીતાં. ક્યારેક કોઈને દમદાટી દેતા કે મારતા-પીટતા તો ક્યારેક કોઈના હાથ બાંધીને લઈ જતા પોલીસ આગળ બધાંને લાચાર બની જતાં તેણે જોયાં હતાં. ખરું પૂછો તો તેના બાપ કરતાં પણ તેને પોલીસની વધારે બીક લાગતી હતી અને એ વખતે તો ત્યાં ખૂબ જ પોલીસો હતા.

તેમને જોઈને જ એ સંતાઈ ગયેલી. પેલા બાગમાં બંધાતા નવા ચગડોળની આડશે તે લાકડાની પૂતળી હોય એવી સ્થિર બનીને બેસી ગઈ હતી. તોયે કોને ખબર કોણે તેને શોધી કાઢી અને તેને અહીં આવવું પડ્યું. આ બીક લાગે એવા ઓરડામાં, સમજાય નહીં એવું બોલતી આ બે બાઈ પાસે. તેણે માથું જોરથી ઘૂંટણમાં ઘાલી દીધું. જાણે આ જન્મારે તેને પાછું ઊંચકવું ન હોય!

મહાલીબહેન આ શિંગડું વળીને બેસી ગયેલી છોકરી સામે જોઈ રહ્યાં અને શોભાબહેનના છેલ્લા શબ્દો ફરી પાછા તેમના કાનમાં સંભળાયા... આ! આને તે પોતાની ઓરડીમાં રખાતી હશે? ના ના, દરેક વાતની કંઈક હદ હોય. અમુક અણઘટતા સંજોગોને પ્રતાપે એ મહાલક્ષ્મીબહેનમાંથી મહાલીબહેન બન્યાં હતાં, મહાલી રસોઇયણ જ કહો ને, એ કબૂલ, પણ એથી કાંઈ...

તેમણે અંબોડાની ગાંઠ કઠણ કરીને શોભાબહેન સામે જોયું પોતે અણછાજતી વાત કરી નાખી છે, એનો તેમને પણ ખ્યાલ હતો જ. એટલે તેમણે નજર ચૂકવી, પણ મહાલીબહેન બોલે ત્યારે સામે જોવું જ પડે ને!

અને હવે મહાલીબહેન બોલતાં હતાં, "થતું હોય એ થાય અને શોભતું હોય એ શોભે. અહીં આવતાં પહેલાં આવું જાણ્યું હોત કે મને અડધી રાતે બોલાવીને આવા હુકમ પણ કરવાના છે તો હું સીધી ઉદ્યોગગૃહમાં જ ન જાત? બાંધ્યા કલાક, દર વરસે પગારવધારો..."

એ આખું લિસ્ટ શોભાબહેનને મોઢે હતું. થોડીક પૈસાદાર અને નવરી બાઈઓએ કાઢેલું એ ઉદ્યોગગૃહ શહેરમાં પોતાના જેવાં બધાંને જ નડતું હતું. મહાલીબહેને ગણાવ્યા એ ફાયદા ઉપરાંત ત્યાં પ્રૉવિડન્ટ ફંડ, પેન્શન, બાર મહિને મહિનાની રજા, ચાર જોડ કપડાં, ચંપલ, છત્રી ને એવું ઘણું ઘણું મળતું. જોકે મહાલીબહેન ત્યાં જવાનાં નહોતાં, કારણ કે ત્યાં ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં જેવો ઘાટ હતો. ફૂવડ, કામચોર ને ખાઉધરાં બૈરાં પણ સરખાં ને મહાલીબહેન પણ સરખાં એવી જગ્યાએ કોણ ઊભું રહે? વળી વાનગીઓ પણ એકધારી અમુક ગણતરીની જ બનતી, મહાલીબહેનની વિશિષ્ટ કલાને કે વિશિષ્ટ વ્યક્તિત્વને ત્યાં કોઈ સ્થાન નહોતું અને સૌથી મોટો વાંધો એ હતો કે ત્યાં અઢાર વરણની બાઈઓ કામ કરતી ને મહાલીબહેનને પોતાના બ્રાહ્મણત્વનો ને એમાંયે પોતાના ઊંચા ગોત્ર તથા કુળનો ઘણો ગર્વ હતો એટલે મહાલીબહેન બીજે ક્યાંય જવાનાં નહોતાં.

મહાલીબહેન એ વાત જાણતાં હતાં ને શોભાબહેન પણ એ વાત જાણતાં હતાં. એમ છતાં જ્યારે જ્યારે કંઈ નારાજીનું કારણ બને ત્યારે મહાલીબહેન અચૂક એ ઉદ્યોગગૃહને યાદ કરતાં એટલે શોભાબહેન સમજી જતાં કે હવે મહાલીબહેન ચિડાયાં છે ને તરત લીલી ઝંડી ફરકાવી દેતાં ને મહાલીબહેને મનમાં લીધેલી વાત સડેડાટ પોતાના પાટા પર દોડી જતી.

અત્યારે પણ એમ જ બનત. શોભાબહેને કહેવા જ માંડ્યું હતું, "મારો કંઈ આગ્રહ નથી, આ તો કીધું તે ક્લબમાં ગયા છે ને આણે કંઈ ખાધુંપીધું નથી એટલે તમને પૂછી જોઉં." ને મહાલીબહેન પાછાં ફરી જાત, પોતાની ઓરડીમાં, પોતાના ગઢમાં.

પણ એ જ વખતે છોકરીના ખભા ધ્રૂજવા લાગ્યા.

પહેલાં એકલા ખભા, પછી પીઠ અને પછી પોટલું વળી ગયેલી આખી કાયા. તેનાં ડૂસકાંનો અવાજ પણ સંભળાવા લાગ્યો. પ્રાંત પ્રાંતના કે દેશવિદેશના સીમાડાની પેલે પારની આ ભાષા હતી. માનવમાત્રની ભાષા. એક નિરાધાર બાળક રડી રહ્યું હતું અને બે મોટી વયની સ્ત્રીઓ તેને જોઈ રહી હતી. તેમને સમજાતું નહોતું કે હવે શું કરી

શકાય. આખરે બેમાંથી વધારે સબળ જીવના કાંગરા હાલ્યા. સ્વરક્ષણના ગઢમાં ગાબડું પડે છે કે નહીં એની પરવા કર્યા વગર મહાલીબહેને પેલીને બાવડું ઝાલીને ઊંચી કરી.

“રડ નહીં, ચૂપ થઈ જા! એકદમ ચૂપ!”

છોકરી ડરની મારી શાંત થઈ ગઈ. વળી પાછી તેની હેબતાઈ ગયેલી નજર મહાલીબહેન સામે મંડાઈ રહી. તેની મૂંગી બીક પોતાની માણસાઈને હીણું ન લગાડતી હોય એમ મહાલીબહેને કંઈક કચવાટથી કહ્યું, “ડર નહીં. કોઈ તને કશુંયે કરવાનું નથી.”

છોકરીની આંખમાં ડર અને મૂંઝવણ સિવાય બીજો એકે ભાવ દેખાતો નહોતો. તે એમ ને એમ જ મહાલીબહેનની સામે જોયા કરતી હતી અને એનાં ધૂળિયાં લટિયાં પંખાને લીધે સહેજ ફરક્યા કરતાં હતાં.

“આ મૂંગી તો નથી ને?” મહાલીબહેને શોભાબહેનને પૂછ્યું.

“શી ખબર ભાઈસા”બ! આ તો તે લઈ આવ્યા ને કહે કે રાખ તારી પાસે. ત્યારની આમ ને આમ જ બેસી રહી છે. કેટલું બોલાવી પણ બોલતી જ નથી. શી ખબર, મૂંગી છે કે બહેરી છે, પણ હવે મહાલીબહેન! તે કંઈક ખાય તો ખવડાવી જુઓ ને! ને પછી આજની રાત...”

મહાલીબહેને કશો જવાબ આપ્યા વગર છોકરીને બાવડેથી ખેંચીને આગળ કરી. એકાદ ક્ષણ તે ખમચાઈ. પાછું જમીન સરસા ચોંટી જવું કે આગળ ચાલવું એ નક્કી ન કરી શકી અને મહાલીબહેને એ ક્ષણનો લાભ લીધો. તેને સાથે લઈને તેમણે ચાલવા માંડ્યું.

જેવાં તે બંને ઓરડાની બહાર ગયાં કે શોભાબહેને રાહતનો શ્વાસ લીધો. આમ કંઈ તે હૃદયથી ખરાબ નહોતાં, પણ રોજિંદી પરિસ્થિતિમાં જરા સરખો ફેરફાર થાય કે તરત મૂંઝાઈ જવાની તેમને ટેવ હતી અને આ ફેરફાર પાછો જરા સરખો નહોતો. હર્ષદરાય મહેમાનો લઈ આવતા, ક્યારેક ઓચિંતું બહારગામ જવાનું નક્કી કરતા, કોઈક વાર લડી પણ પડતા. એમ છતાં એ બધું શોભાબહેનને સમજાતું. એવા સંજોગોમાં શું કરવું એની તેમને ખબર તો પડતી જ અને ભલે મૂંઝાઈને, પણ અંતે રસ્તો તો કાઢતાં જ, પણ છેક આવું તો કોઈ દિવસ થયું નહોતું. હશે, આજની રાત તો નીકળી ગઈ! કાલે સવારે એનો ગમે એ કંઈ રસ્તો કઢાશે. કાં તો પોલીસ તેને લઈ જશે, નહીંતર પછી અનાથાશ્રમમાં કે બીજે ક્યાંક તેને મોકલી શકાશે. સારું થયું, મહાલીબહેન માની ગયાં નહીં તો બહુ પંચાતી થાત. રાતે તેને સુવાડત ક્યાં?

મહાલીબહેનને પણ એ જ પ્રશ્ન મૂંઝવતો હતો. અણીને વખતે ઢીલું ઢાળવા માટે તે પોતાની જાત સાથે ચિડાતાં હતાં. પોતે નમતું ન જોખ્યું હોત તો મગદૂર હતી શોભાબહેનની કે બીજા કોઈની પણ કે આવી બલા પોતાને ગળે બઝાડે?

રસ્તામાં રખડતું કૂતરું કોઈક વાર વિના કારણે આપણા પર ખુશ થઈ જાય છે ને સાથે સાથે ચાલવા માંડે છે ત્યારે પહેલાં તો જીવને સારું લાગે છે, પણ ઘેર પહોંચતી વખતે ચિંતા થવા માંડે છે કે હવે શું કરવું? બરાબર એવી જ રીતે મહાલીબહેનને પોતાની ઓરડીમાં પહોંચ્યા પછી ખરાબ લાગવા માંડ્યું. અરધી રાતે આ તે શી ઉપાધિ પોતે વહોરી લાવ્યાં?

છોકરી તો ત્યાં પણ એક ખૂણો શોધીને બેસી ગઈ હતી, ચુપચાપ. હવે તેણે માથું ઘૂંટણમાં નહોતું ઘાલી દીધું. નર્યા ભયને કારણે તેના ચહેરા પર હવે ગમગીની દેખાતી હતી. થોડી થોડી વારે તે મહાલીબહેન સામે જોતી ત્યારે તે કશુંક જાણવા માગતી હોય, કશુંક કહેવા માગતી હોય એવો ભાસ થતો હતો.

"તારું નામ શું?" એવી એકાદ પળે મહાલીબહેને પૂછ્યું. પછી વળી પોતાની જાત સામે આંગળી કરીને કહ્યું, "હમારા નામ મહાલીબહેન. તુમારા નામ ક્યા?"

છોકરી સહેજ હસી અને પછી આગળ કંઈ કહેવા–કરવાનું ન હોય એમ બેઠી હતી ત્યાં જ આડી પડી. કદાચ તે એવી રીતે સૂવાને જ ટેવાઈ હશે, પણ મહાલીબહેન આવું જોવાને ટેવાયાં નહોતાં. તેમણે તીખા અવાજે કહ્યું, "અરે અરે! આ શું કરે છે? ઊઠ!"

છોકરી ગમે એ સમજી હોય, બેઠી થઈ તો ખરી, પણ પછી તેણે મહાલીબહેન સામે જોયું નહીં. થોડી વાર પછી તેણે ઘૂંટણ પર માથું ટેકવ્યું અને તેના સૂવા–પાથરવાની શી વ્યવસ્થા કરવી એ મહાલીબહેન નક્કી કરે એ પહેલાં તે ઝોલે ચડી ગઈ.

"બિચારી!" મહાલીબહેન પોતાના દિલને ખડકાળ પથ્થર જેવું કઠણ માનતાં હતાં, પણ તેના તળિયેથી આ શબ્દનો પરપોટો ઊઠ્યો એ છેક ઉપર આવીને ક્યાંય લગી નજર સામે તરતો જ રહ્યો. એક જૂની ચાદર ઓઢાડી દઈને તેમને સંતોષ ન વળ્યો તે આખરે એક ફાટેલી રજાઈ પાથરીને તેના પર છોકરીને ઊંચકીને સુવાડી. વળી પાછી ચાદર ખંખેરી બેવડી કરીને ઓઢાડી ને પોતે માળા લઈને પથારીમાં પડ્યાં.

મળસકે જાગવાની તેમને ટેવ હતી. જાગીને સૌથી પહેલા પોતાની હથેળી જોતાં, પછી ગળામાં પહેરેલી કંઠી આંખે અડકાડતાં અને "જે શ્રીકૃષ્ણ!" કહી પથારીમાંથી ઊઠતાં, પણ આ સવારે એ નિત્યક્રમ જળવાયો નહીં. ઊંઘ એની મેળે ઊડે એ પહેલાં જ પગે કશુંક પોચું પોચું ગાભા જેવું અથડાયું. મહાલીબહેન સફાળાં બેઠાં થઈ ગયાં. જોયું તો પાંગથે લોચો વળીને પેલી છોકરી પડી હતી.

એક વાર તો જીવને ગુસ્સો આવી ગયો. માત્ર છોકરી પર નહીં, શોભનાબહેન પર, હર્ષદરાય પર, આખી માનવજાત પર. કદાચ સૌથી વધારે તો પોતાને આ પરિસ્થિતિમાં મૂકી દેનાર પોતાના પતિ જયશંકર પર. તેમણે ઘરડે ઘડપણ આવા ભવાડા ન કર્યા હોત તો મહાલીબહેન હજી પોતાના ઘરમાં રાજ કરતાં હોત, હીંચકા પર ઝૂલતાં ઝૂલતાં

સૂડી વડે સોપારી કાતરતાં હોત અને ન્યાતજાતનાં પાંચ માણસને સલાહ આપતાં હોત. એને બદલે આવી નોકરીઓ કરવી પડે છે, પણ જાતની દયા ખાવી તેમને બહુ ગમતી નહીં. કડકાઈથી પોતાની હથેળી સામે જોઈ કંઠી આંખે અડાડી અને "જે શ્રીકૃષ્ણ" કહી પથારીનો ત્યાગ કર્યો.

છોકરી હજી ઊંઘતી હતી. તેના શામળા, મેલા ચહેરા પર આંસુના રેલા સુકાઈ ગયા હતા. ગૂંચળું વળીને સૂતેલી તે ખૂબ જ નાની લાગતી હતી. નાની ને નિરાધાર.

•

સવારના દસેક વાગ્યા હશે. શોભાબહેનનો એ પૂજા કરવાનો સમય હતો. જીવનમાં બધું જ કરતાં એ રીતે પૂજા પણ એ અડધાં બેધ્યાનપણે જ કરતાં હતાં. ચંદન અને કંકુની વાડકીઓમાં અનામિકા આંગળી બોળાતી અને નામરૂપ ધારણ કરીને સામે વિરાજતી ઈશ્વરની નાનીમોટી મૂર્તિઓને કપાળે અડી આવતી. શોભાબહેનના મનના વિચારો હજી ગઈકાલની ઘટનામાંથી મુક્ત થયા નહોતા. છોકરી નાની છે - કબૂલ, તેનાં માબાપ મરી ગયાં હશે તેયે કબૂલ, પણ એટલે કંઈ તેને આમ ઘરમાં ઉપાડી લવાતી હશે? કાલની રાત મહાલીબહેને જેમતેમ નભાવ્યું, પણ આજે તો તે તોફાન કરવાનાં જ. અગરબત્તી સળગાવતાં તેમનો હાથ સહેજ ધ્રૂજી ગયો.

બારણામાં રામુ ઊભો હતો. "બાઈ, મહાલીબહેનને તમારી સાથે વાત કરવી છે."

"હેં?" શોભાબહેન ગભરાઈ ગયાં. "શેઠ તો બહાર ગયા છે. તેમને કહે ને બપોરે જમી લીધા પછી વાત કરે."

"તેમને શેઠની સાથે નહીં, તમારી સાથે વાત કરવી છે. ને હમણાં ને હમણાં જ કરવી છે."

"એમ? જો ને રામુ, એમ કર ને, તેમને કહે ને કે હમણાં હું પૂજા કરું છું, પૂજા કરતાં કરતાં કેવી રીતે ઉઠાય?"

રામુ પાછો વળતો હતો, એટલામાં વળી કંઈક સૂઝ્યું તે પાછો બૂમ પાડીને બોલાવ્યો.

"એમ કર, તેમને કહે કે ખાસ અગત્યનું કામ હોય તો અહીંયાં આવીને વાત કરી જાય. જોજે, કહેજે પાછો કે બાઈ પૂજા કરે છે એટલે કેવી રીતે ઊઠે?"

પૂજાની વિધિ ચાલુ રહી અને મન ચગડોળે ચડ્યું. કોને ખબર શું કામ પડ્યું હશે મહાલીબહેનને સવારના પહોરમાં? પેલી છોકરીની જ રામાયણ હશે કાં તો, તે પણ એવા છે ને... શાંતિથી ઘરસંસાર ચાલવા દેતા હોય તો? આ મહાલીબહેન ચિડાઈને જતાં રહે તો પછી તેના જેવી બીજી બાઈ લાવવી ક્યાંથી? તેની પહેલાંના મહારાજે સાત-આઠ ચાંદીની વાડકીઓ ને કંઈ કેટલાય ચમચા નહોતા વેચી નાખ્યા બજારમાં?

એ તો ચીમન સોની મહેતાજીને મળી ગયો ને પૂછતાં પૂછી નાખ્યું કે કેમ કંઈ શેઠ ઢીલા પડ્યા છે, બજારમાં રોજ વાસણ વેચાવા આવે છે તે? ધારો કે તે મહેતાજીને ન મળ્યો હોત ને મહેતાજીએ આવીને કહ્યું ન હોત તો પોતાને તો કશી ખબર ન જ પડત ને! તેની પહેલાંની રસોઇયણ બાઈ વળી ઘી ચોરી જતી હતી.

આમ ને આમ પોતે પરણીને આવ્યાં એ દિવસથી આજ લગીની રસોડાની સ્થિતિનું વિહંગાવલોકન ચાલ્યા કરત, પણ રામુ સંદેશો લઈને પાછો આવ્યો.

"મહાલીબહેન કહે છે કે પૂજા કરી લો પછી આવજો."

પછી તો તેમનો ઉચાટ બહુ જ વધી ગયો. પૂજા કરતાં કરતાં આટલી બધી મૂર્તિઓ ભેગી કરવા માટે સદ્‌ગત વડીલો પર થોડો રોષ પણ કરી લીધો. તે બાઈ જીવનમાં કશું જ મોકળે મને કહી શકતી નહોતી. જેમતેમ કરતાં પૂજા પતાવીને કબાટમાં લટકતો ચાવીનો ઝૂડો કેડે ખોસી તેમણે રસોડા તરફ પ્રયાણ કર્યું. ખરું જોતાં અત્યારે મહાલીબહેને રોટલી માંડી દીધી હોવી જોઈએ. એને બદલે તે કંઈક ઉશ્કેરાયેલી હાલતમાં કમર પર બે હાથ ગોઠવીને વિઠોબાની જેમ ઊભાં હતાં.

"શું કહેતાં હતાં મહાલીબહેન?"

"હજામને બોલાવવો પડશે."

"શું? શું કહ્યું?"

"હજામને બોલાવી મગાવો ને પીંજારાને પણ આજ ને આજ બોલાવવો પડશે."

"કેમ? શું છે આ બધું?"

"પેલી છે ને, રાતે તમે મારી જોડે મોકલી હતી તે છોકરી?"

"તેનું શું છે?"

"અરે, નરી જૂઓથી ખદબદે છે ને રાતે મેં આઘી સુવાડેલી તે કોને ખબર કઈ ઘડીએ ઊઠીને મારી પાસે આવીને સૂઈ ગઈ."

"તમારા ભેગી?"

"ના... ના, આમ તો પાંગથે, પણ વાળે વાળે જૂ છે મૂઈને. એટલે રજાઈ ને ગાદલાં આજ ને આજ પીંજારાને તેડાવીને ફરી ભરાવવાં પડશે. ખોળ, ચાદર ને ગલેફ તો મેં ધોવા નાખી દીધાં છે."

"સારું કર્યું." શોભાબહેનને શાંતિ થઈ. તેમણે ધારેલું કે કંઈ મોટું તોફાન હશે. એને બદલે શૂળીનો ઘા સોયે સર્યા જેવું થયું એટલે તેમણે મનોમન પેલી મૂર્તિઓની માફી માગવા માંડી. "રામુને કહેજો ને પીંજારાને બોલાવી આવશે. નહીંતર આપણી દાદરની

દુકાનેથી નવી ગાદી મગાવી લેજો.” પ્રસન્નતા અને ઉદારતાને ગાઢ સંબંધ છે, એ પ્રતિપાદિત કરતાં શોભાબહેન બોલ્યાં.

“ને હજામ?”

“એવું શું કામ પડ્યું?”

“કેમ! કહ્યું ને કે તેને જૂઓ પડી છે! તેના વાળ લેવડાવવા પડશે. એ વગર જૂઓ જવાની નથી.”

“ઓહ, એમ કે?” સિલ, વૉલરસ કે પેંગ્વિન જેવા સદંતર અજાણ્યા પ્રાણીની વાત થતી હોય એ રીતે શોભાબહેને વિવેકથી જવાબ વાળ્યો.

એમ જ હોય ને! સુખી ઘરની તે ગૃહિણીને જૂ જેવા ગંદા અને તુચ્છ જંતુની ખબર જ ક્યાંથી હોય? પણ મહાલીબહેનને જૂઓના ઉપદ્રવની ખબર હતી ને દરેક સુઘડ અને સ્વચ્છ સ્ત્રીને હોય એવો જ સખત અણગમો તેમને જૂ પ્રત્યે હતો.

સવારના પહોરમાં પોતાના પગ આગળ ઢગલો વળીને પડેલી પેલી નાનકડી છોકરી તરફ પહેલાં તો તેમને મમતા ઊભરાઈ હતી. તેને સરખી સુવાડવા ને નીચાં નમીને તેને ઊંચકવા જતાં હતાં, ત્યાં જ ઊંઘમાં ને ઊંઘમાં છોકરીએ માથું ખંજવાળવા માંડ્યું. તેના હાથ ટેવાઈ ગયા હોય એ રીતે તેની આંગળીઓ એકસરખી ચાલ્યા કરતી હતી. મહાલીબહેનને વહેમ પડ્યો. ઓશીકાની ડાબી બાજુએ સંતાડેલી દાબડી કાઢીને ખોલી. ચશ્માં પહેર્યાં ને બરાબર ધ્યાનપૂર્વક જોયું તો ધૂળ અને મેલથી એકબીજા સાથે સજ્જડ બાઝી ગયેલાં લટિયાંમાં એકસરખો જીવ ઊભરાયો હતો. વાળ અને જૂઓનું આવું અજબ અને અભિન્ન મિશ્રણ મહાલીબહેને કદી કલ્પ્યું સુધ્ધાં નહોતું.

પહેલાં તો તે ચિડાઈ ગયાં. સ્વચ્છતા અને વ્યવસ્થામાં જ જીવનની ઇતિશ્રી માનનાર કોઈ પણ પ્રામાણિક સ્ત્રી જેટલી હદે ચિડાઈ શકે એટલાં એ ચિડાયાં. મૂળ મુદ્દે જૂ ને એમાંયે પાછી તેમના ઓરડામાં અને તેમની પથારી પાસે? તેમનો ગુસ્સો કાબૂ બહાર જતો રહ્યો આ બધા અનર્થના મૂળ જેવી તે છોકરીને ઝંઝેટીને ફેંકી દેવા તેમના હાથ તલપી રહ્યા.

એ તેને અડકવા જ જતાં હતાં એવામાં છોકરીએ આંખો ઉઘાડી. તેની ધોળી ધોળી બાઘાઈભરી આંખો પળભર આ નવા વાતાવરણમાં ક્ષુબ્ધ થઈ ગઈ. પછી તેણે મહાલીબહેનને ઓળખ્યાં અને તે હસી.

નહોતું સ્મિત, નહોતું હાસ્ય, હતો માત્ર આત્મીયતાનો એક આછો ઉજાસ. મહાલીબહેનને તેણે એક નિઃશબ્દ બંધનમાં બાંધી લીધાં. રોષનું ઘોડાપૂર એકાએક બીજી દિશામાં વળી ગયું.

“હાય! હાય! તારી મા તે કેવીક બૈરી હશે?” છોકરી એકે શબ્દ સમજી નહીં, પણ

કશુંક પોતાને ઉદ્દેશીને કહેવાયું છે અને મૈત્રીભાવે કહેવાયું છે એટલું કળી જઈને તે મલકી. માથું ઘવડતા તેના હાથ સ્થિર થયા અને બેઠી થઈ.

"તારું નામ શું?" મહાલીબહેને પૂછ્યું,

"તાયા!"

તાયા? આવું નામ તો મહાલીબહેને કોઈ દિવસ સાંભળ્યું નહોતું, પણ એમ તો આવી છોકરીયે ક્યાં જોઈ હતી? અને એ પણ આટલે નિકટથી!

"તને ભૂખ લાગી છે?"

છોકરીને કંઈ સમજ પડી નહીં. એટલે તે ટગર ટગર મહાલીબહેનની સામે જોઈ રહી. તેની એ નજરમાં મહાલીબહેનને બેચેન બનાવી દે એવું કશુંક હતું. એક તો તેના કાળા ચહેરામાં તે આંખો વધારે પડતી ધોળી અને મોટી મોટી લાગતી હતી.

મહાલીબહેને ફરી પૂછ્યું, "ખાવું છે?"

છોકરી આસ્તેથી ઊભી થઈ. ઓહો, તે કેટલી બધી નાની હતી? મહાલીબહેનને એકાએક તેને તેડી લેવાનું મન થઈ ગયું. એ સાથે જ તેમને તેની જૂ યાદ આવી ને તે વળી પાછાં ચિડાઈ ગયાં.

"ચાલ, આ બાજુ બહાર આવ."

ત્યારથી તે શોભાબહેનને સંદેશો મોકલ્યો ત્યાં લગી મહાલીબહેન પોતાના મનને જ સમજી શકતાં નહોતાં. ઘડીમાં આ છોકરી પર ને આ પરિસ્થિતિ પર ચીડ ચડી આવતી અને શોભાબહેનને પોતે નોકરી છોડે છે એમ જણાવી દેવાનું મન થતું, તો ઘડીમાં માબાપ વગરની આ આટલી નાની છોકરી ક્યાં જશે ને તેનું શું થશે એના વિચારે ચડી જતાં.

આવી પરિસ્થિતિમાં તેમના પતિ જયશંકરને સહેજે મૂંઝવણ થાય નહીં. એ તો તરત જ કહી નાખે "લક્ષ્મી! છો રહી, આ હમણાં આપણે ઘેર. જોઈશું, આગળ ઉપર જે થશે એ ખરું. છોકરીયે તેનું ભાગ્ય લઈને જ આવી હશે ને!"

તેમનેયે એવી ટેવ જ પડી ગઈ હતી. રસ્તે ચાલતાં ઉપાધિ વહોરી લાવે, પૈસાટકાનો કોઈ વિચાર નહીં ને હિસાબ પણ નહીં. એ તો મહાલીબહેન હતાં તે તેમનું ઘર ચાલ્યું, નહીંતર ખબર પડી જાય. તેય હાલતાંચાલતાં કહેતા, "લક્ષ્મી! તારા વગર તો હું હાથેપગે સાવ પાંગળો હોં કે!" ને પોતે હસીને જવાબ દેતાં, "જાઓ, અમથા... કેવી વાતો કરો છો?"

"ભગવાનેય કેવો છે? એક છોકરું ન આપ્યું તને!"

"આ તમે છો તો ખરા! બબ્બે છોકરાનું ઘરમાં શું કામ છે?" મહાલીબહેન અચૂક જવાબ દેતાં ને બેય જણ હસી પડતાં. જયશંકર હતા પણ એવા બાળક જેવા જ નિખાલસ ને

નિર્દોષ. નાદાન પણ ખરા. નાદાન ન હોત તો મહાલીબહેનને આમ લોકોને ઘેર રસોઈ કરવાનો વારો આવ્યો હોત કે?

હજીયે એ સાંજ બરાબર યાદ છે. જયશંકરની સાથે વરસાદમાં ભીંજાઈને તરબોળ થઈ ગયેલી પચીસ-છવીસ વરસની છોકરી આવી હતી. મહાલીબહેને કપડાં બદલાવ્યાં હતાં, જમાડી હતી ને મોડી રાત સુધી ત્રણે જણે બેઠાં બેઠાં વાત કરી હતી. સારા શ્રીમંત યજમાનની દીકરી હતી તે. ઘેર તકરાર થતાં ચાલી નીકળેલી તે રસ્તામાં જયશંકરે જોઈને ઘેર લઈ આવ્યા. સારી વાત, પણ જયશંકર તો બીજે દહાડે તેને ઘેર મૂકવા ગયા ને માબાપ સાથે વાત કરી આવ્યા. વિદ્વાન ને સુશીલ બ્રાહ્મણ તરીકે યજમાનોમાં તેમનો મોભો સારો હતો. મહાલીબહેન ક્યારેક તેમને કજિયાદલાલ કહીને ચીડવતાં પણ ખરાં. તોયે જયશંકરની એ પ્રતિષ્ઠા તેમને ગમતી. છોકરીનું નામ હતું તરંગિણી. તેની ને તેનાં માબાપ વચ્ચે પડેલી મતભેદની ખાઈમાં જયશંકર એક સેતુ બન્યા.

ત્યાર પછી સવાર-સાંજ કે રાત-બપોર કશું જોયા વગર તે લોકો મહાલીબહેનને ઘેર આવતાં. ક્યારેક માબાપ ને દીકરી ત્રણે આવે, ક્યારેક એકલાં આવે. ક્યારેક જયશંકરને તેમને ઘેર તેડાવે, કજિયો કોઈ એક વાતનો નહોતો. રોજ ને રોજ એનાં રૂપ નિરનિરાળાં રહેતાં. તરંગિણી ક્યારેક રડતી, ક્યારેક ગુસ્સો કરતી ને જયશંકર કાયમ તેને ટાઢી પાડતા. આવું હંમેશાં ચાલ્યા કરતું. તે લોકોની લાંબી લાંબી મુલાકાતો ને ચર્ચાઓથી મહાલીબહેનથી માંડીને સૌ કોઈ ટેવાઈ ગયાં હતાં.

એટલે જ પછી જે દિવસે જયશંકર તરંગિણી સાથે ભાગી ગયા ત્યારે ગામને માથે જાણે વીજળી પડી.

મહાલીબહેનની દશા તો બહુ જ કફોડી થઈ ગઈ. મૂળે સ્વમાની એમાં જયશંકરે આજ લગી હથેળીમાં રાખેલાં એટલે તેમને લોકોની દયા ને સહાનુભૂતિ જીરવવાં ઘણાં મુશ્કેલ લાગ્યાં. તે ઇચ્છતાં હતાં કે કોઈ તેમના દેખતાં આ કિસ્સાની વાત ન કરે, પણ એવું તો ક્યાંથી બને? લોકો વાત કરતા અને તે પોતે જેમ બને એમ ઓછું બોલી "ઈશ્વરની ઇચ્છા" કહી વાતનો અંત આણતાં.

એટલું સારું હતું કે મહાલીબહેનના જીવનમાં એક ઈશ્વર હતો. તેને લીધે જ મહાલીબહેન ટકી શક્યાં. ઘણા યજમાનોએ મદદ કરવાની તૈયારી બતાવી, પણ મહાલીબહેનને એ મંજૂર નહોતું. તેમને કોઈનું એવું ધન ખપતું નહોતું. "તમારા ગોર હતા ને તમે દક્ષિણા આપતા એ વાત જુદી. મને બાઈ માણસને એ ન ખપે."

"પણ મહાલક્ષ્મીબા, તમે કેમ નભાવશો? આટલી ઉંમરે હવે પિયર જશો?" કોઈક પૂછતું.

"પિયર શા વાસ્તે જવું પડે? અને પિયરમાં છે પણ કોણ?"

"પણ તો તમે શું કરશો?"

મહાલીબહેને વિચાર કરી રાખ્યો હતો. હર્ષદરાય તેમની જ ન્યાતના અને પૈસેટકે સુખી. શોભાબહેનનો સ્વભાવ પણ સારો ને અતુલ - વિનય બે જ છોકરા. એક રાતે તેમણે સામે ચાલીને શોભાબહેન પાસે વાત મૂકી અને બીજી સવારથી ત્યાં રસોઈનું કામ શરૂ કરી દીધું. અહીં તેમનું માન સચવાશે એની તેમની ગણતરી હતી અને એ ગણતરી ખોટી પણ નહોતી.

એટલે જ તે અત્યારે વિઠોબાની જેમ કમરે બે હાથ મૂકીને શોભાબહેન સામે ઊભાં રહી શકતાં હતાં અને કંઈક કઠોર લાગે એવા સાદે કહી શકતાં હતાં. "હજામને આજે જ બોલાવવો પડશે."

એ ઘરમાં મહાલીબહેન જે ધારે એ થતું જ, કારણ કે મહાલીબહેને પોતાના ક્ષેત્રની એક મર્યાદા આપમેળે આંકી હતી. એ મર્યાદાની બહાર તે નીકળતાં નહીં.

આ આજનું ફરમાન અસાધારણ ગણી શકાય, પણ એની પાછળના સંજોગોયે અસાધારણ હતા ને? એટલે એનો અમલ કરવામાં આવ્યો.

પણ પછી મુશ્કેલી ઊભી થઈ. એનાં ચકચકિત ઓજારો લઈને હજામ તો હાજર થઈ ગયો, પણ તાયા કોઈ ઉપાયે તેની પાસે જવા તૈયાર નહોતી. એક તો ભાષાની મુશ્કેલી, વળી પાછું અજાણ્યું ઘર, અજાણ્યાં માણસો. રામુએ તેને જબરજસ્તીથી પકડવા માંડી ત્યારે તે મોટે મોટેથી ચીસો પાડીને રડવા લાગી.

શોભાબહેન મૂંઝાઈ ગયાં હતાં. તેમણે આસ્તેથી મહાલીબહેનને વીનવવા માંડ્યાં, "જવા દો ને ત્યારે, આપણે શું? જૂ હશે તો તેને કરડશે."

"ઘરમાં એકેએક જણના માથામાં જૂ થઈ જશે, જાણો છો?"

"પણ... ન કપાવતી હોય તો પછી એમ કરીએ... એના વાળમાંથી જૂ કાઢી લઈએ તો?"

"કોણ કાઢવાનું છે?" વિવેકની હદ ન ચુકાય એવા ઠંડા તિરસ્કારથી મહાલીબહેન બોલ્યાં.

"પણ આને તો આમે હવે પોલીસ કે કો"ક લઈ જશે ને!"

"આને? આવડી નાનીને?"

કોણ બોલ્યું એ? કડક અને કઠોર ગણાતાં મહાલીબહેન? કદાચ તેમણે પોતાને પણ ખબર ન પડે એ રીતે જયશંકર સાથે ગાળેલાં સુખી અને સ્નેહાળ વર્ષોની આછી સુવાસ તેમના સ્વરમાં આવીને બેસી ગઈ હતી.

અને પછી મહાલીબહેને એક અકલ્પ્ય કામ કર્યું. ધ્રૂજતી અને રડતી તાયાને ઊંચકીને પોતાના ખોળામાં બેસાડી દીધી.

"જો તને કંઈ નહીં થાય હોં! હાલતી નહીં... હમણાં તને બધું મટી જશે. માથામાં કરડે છે ને? કેવું કરડે છે? રાતે તું કેવું માથું ખંજવાળતી હતી, હેં ને!"

અજાણી ગુજરાતી ભાષાના મીઠા બોલ સાંભળતી છોકરી વગર સમજ્યે મહાલીબહેનને વળગીને બેસી રહી અને તેમણે કરેલા ઇશારા પ્રમાણે હજામ તાયાના વાળ કાપવા લાગ્યો.

મહાલીબહેનની વિચારસરણી બહુ સીધી અને સુસ્પષ્ટ હતી. તેમણે વાળ એકદમ સફાચટ કરાવી નાખ્યા. એ વગર એ જૂઓ જવાની નહોતી. પોતાના ખોળામાં જ એ જૂ ખરતાં મેલાં લટિયાં પડતાં હતાં, એથી તેમનો બ્રાહ્મણ આત્મા દુભાતો હતો કે નહીં એની તેમના ચહેરા પરથી સમજ પડે એમ નહોતું. તેમના હાથ તાયાનો બરડો પસવારતા હતા અને તેમને મોંએથી વરસાદનાં ટીપાંની જેમ માયા-મમતા ને સમજાવટના બોલ ઝરતા હતા.

"જો... હવે જરાક જ વાર છે હોં! સહેજ આમ ફર. બસ, બસ! કેવી ડાહી દીકરી છે! હમણાં મટી જશે હોં કે. અરે... અરે, હલતી નહીં. વાગી જાય. જો ડાહી છે ને? પછી તને નવડાવીશું, નવાં કપડાં પહેરાવીશું, પછી તો તાયા કેવી સરસ લાગશે, હેં ને?"

સરસ તો એ ન લાગી. પીળચટી ભૂખરી લટોમાં વીંટાળાયેલું તેનું મોં કાળું હોવા છતાં નમણું લાગતું હતું. ટકોમૂંડો થવાથી મોં જાણે સુકાઈ ગયું. ફ્રેમ ઊડી ગયેલા ફોટા જેવું બાંડું ને બૂઠું લાગવા માંડ્યું. અતુલનાં કપડાં તો તેને ખૂબ જ મોટાં પડ્યાં એટલે વિનયનાં જૂનાં કપડાં પહેરાવ્યાં હતાં. એ પણ ખૂલતાં તો હતાં જ, પણ તાયાને એ ખૂબ ગમી ગયાં. આવાં સુંવાળાં ચોખ્ખાં ને ફાટ્યા વગરનાં કપડાં તેણે કોઈ દિવસ પહેર્યાં નહોતાં. વારે વારે એ હાથ ફેરવીને જોતી હતી કે કાપડ કેવું કુમાશદાર છે, વારે વારે તેના હાથ માથું ખંજવાળવા ઊંચે જતા અને ભોંઠા પડીને પાછા આવતા. આસપાસનું વાતાવરણ તેને ખૂબ અજાણ્યું લાગતું હતું એટલે તે મહાલીબહેનની પાસે જ ભમ્યા કરતી હતી. તેનું એ સૂકું નાનકડું વાળ વગરનું મોં જોઈ મહાલીબહેનની આંખોમાં વગર કારણે ભીનાશ તરી આવતી. પોતાને બે વાર માથાબોળ નહાવું પડ્યું, એનો તેમને રંજ નહોતો. તાયા હવે ચોખ્ખી થઈ હતી. તેમની ઓરડીમાં સૂવાલાયક થઈ હતી. થોડી થોડી વારે તે તેના ભણી જોઈ મોં મલકાવતાં અને તાયા બિલકુલ સમજતી નથી એની ખબર હોવા છતાં વાતો પણ કરતાં.

તાયાને એ વાતોનો મોટો સધિયારો હતો. કારણ કે વારે વારે તેને એનું ઘર યાદ આવતું, એ વસતિ યાદ આવતી, તેનો બાપ યાદ આવતો, દારૂ પીને લાલઘૂમ આંખો કરીને બાપ જ્યારે ઘરે આવતો ત્યારે તાયાને અચૂકપણે માર પડતો હતો. એમ છતાં આજે તેને એ બધું યાદ નહોતું આવતું. ઝૂંપડપટ્ટીમાં વિતાવેલા દિવસોની જે કોઈ આનંદપૂર્ણ ક્ષણો હતી, એ જ વારાફરતી નજર આગળ આવીને તાયાના મનને ગમગીનીથી ભરી દેતી હતી. ક્યાં ગયા એ બધા તેના પડોશીઓ? ક્યાં ગયો તેનો બાપ? ક્યાં ગયું તેનું ઝૂંપડું?

પાછા જવાનું થશે તો હવે તાયા બાપને નહીં પજવે. પાણી ભરવા મોકલી હોય ત્યારે

બેધડકપણે લસરપટ્ટી પર લપસ્યા કરવું કે મોટા મોટા હીંચકા ખાવા એ તેનો નિત્યક્રમ હતો. બાગમાં બેઠેલા પાંચ-સાત માણસોના ટોળા પાસે વગર કારણે ઊભી રહીને તે અડધો કલાક સહેજમાં વિતાવી દેતી. બાપ બૂમો પાડ્યા જ કરતો, “તાયા! ઓ તાયા!”

પોતે સાંભળતી પણ જવાબ ન દેતી, જવાબ દે તો જવું પડે ને? ઘર કરતાં તેને બાગ વધારે ગમતો. ઝૂંપડપટ્ટીના માણસો કરતાં બાગમાં ફરવા આવતા માણસો વધારે ગમતા. સૌથી વધારે ગમતી સોનાલી. એક દિવસ તેની આયા સાથે તે લાલ ફ્રૉક પહેરીને બાગમાં ફરવા આવી હતી. ગોરી ગોરી, ખૂબ જ સુંદર. તાયાએ પરીની વાર્તાઓ વાંચી હોત તો તેને એમ જ થાત કે એક પરી બાગમાં આવી છે, પણ તાયાએ ન તો પરીની વાર્તા વાંચી હતી, ન કોઈ બીજી. તેને વાંચતાં જ નહોતું આવડતું. આંખો ફાડીને તે સોનાલી સામે જોઈ જ રહેતી. આયા “સોના...લી!” કરીને બૂમ પાડતી એટલે તાયા જાણી ગઈ હતી કે એ તેનું નામ છે. તે ફરવા આવે ત્યારે તાયા બાગમાં અચૂક હાજર થઈ જતી ને તેને જોયા કરતી. બસ, જોયા જ કરતી.

એક દિવસ તેનો બાપ તેને શોધતો શોધતો ત્યાં આવી ચડ્યો અને તેને પકડીને મારી એ જોઈને સોનાલી ચિડાઈ ગઈ હતી. આયાએ સમજાવ્યું કે એ તેનો બાપ છે, એ તો તેણે જરાયે ન માન્યું. બાપ તે કંઈ મારે? તે મીઠી છટાદાર છોકરી રૂઆબભેર તેના બાપ સામે ઊભી રહીને તાયાને મારવા બદલ તેને ધમકાવતી હતી. એ દૃશ્ય તો તાયા રોજ કેટલીયે વાર સિનેમાની પેઠે યાદ કરી કરીને મનોમન જોયા કરતી. બાપે શરમિંદો થઈને તાયાને છોડી દીધી હતી ને ત્યાર પછી સોનાલી જ્યારે જ્યારે બાગમાં જાય ત્યારે તાયા સામે જોઈને મોં મલકાવતી.

તાયા એ સ્મિતના બદલામાં જાન કુરબાન કરવા તૈયાર હતી, પણ પોતાનો આનંદ ને પ્રેમ વ્યક્ત કરવાનું તેની પાસે કંઈ સાધન હતું નહીં. ડાઘિયા કૂતરા જેવી આયા તેને કદી સોનાલીની બહુ પાસે જવા દેતી જ નહીં. એટલે પછી તે પણ ફક્ત હસતી, સોનાલીની રાહ જોયા કરતી અને બાગમાં છોકરાંની ગિરદી જામી હોય ત્યારે મારામારી કરીને સોનાલી માટે લસરપટ્ટી પર કે હીંચકા પર જગ્યા ખાલી કરાવતી. સોનાલી ઝૂલે એ જોવામાં તેને બહુ આનંદ આવતો. કેટલી સરસ હતી તે!

તાયાના જીવનનો એ એકમાત્ર પ્રેમપ્રસંગ હતો. એ જ એક મધુર યાદ હતી. એ સિવાયનું જે કંઈ હતું એ કાલે રાતે આગના ને ધુમાડાના ગોટામાં બળી ગયું હતું.

પણ તે કોઈને આ બધું સમજાવી શકે એમ નહોતી. આ લોકો જે બોલતાં હતાં એ પોતે સમજતી નહોતી. માત્ર પશુની જેમ અંતરપ્રેરણાથી તે મહાલીબહેનને વળગી રહી હતી.